ગાંધીનગર સમાચાર

તા. ૧૭-૪-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### રાષ્ટ્રનાયકોના પરિવારની જાસૂસી

ભાજપ પાસે સમ ખાવા પૂરતા એકાદ શ્યામાપ્રસાદ મુખર્જી જેવા નેતા સિવાય બીજા રાષ્ટ્રનાયકો નહીં હોવાને કારણે એ કોંગ્રેસ દ્વારા ઉપેક્ષિત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને નેતાઓના નામે રાજકારણ ખેલતું રહે છે. એ રીતે કયારેક સરદાર તો કયારેક સુભાષ બાબુ કે આંબેડકર પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતી રહી છે. આમ સુભાષ બાબુની ઓચિંતી એક્ઝિટ દેશ અને દુનિયા માટે એક રોમહર્ષક કોયડો જ બની રહી છે. તાજેતરમાં વડાપ્રધાનના જર્મની પ્રવાસ પૂર્વે આ મુદ્દો ફરી એક વાર ચર્ચાની એરણે ચડ્યો હતો. અગાઉ અવારનવાર સુભાષબાબુ હયાત હોવા વિશેના રોમાંચક સમાચારો અખબારોનાં પાનાં પર ચમકતા રહેતા. એમના ગુમ થયા વિશેના વિવિધ અહેવાલો અને મનગઢંત થિયરીઓ બાબતે તપાસપંચો પણ નિમાતાં રહ્યાં અને એમના અહેવાલો કેન્દ્ર સરકારના તોતિંગ સચિવાલયમાં વર્ષો સુધી ધૂળ ખાતા રહ્યાં છે. કહેવાય છે કે પં. નહેરુને સુભાષ બાબુ એક પ્રખર પ્રતિસ્પર્ધી લાગતા હતા. તેથી એમના ગુમ થયા બાદ જે કંઈ કહેવાતી તપાસ ચાલી કે એના અહેવાલો આવ્યા તે સરકારે સહેતુક ગોપનીય જ રાખવામાં ઔચિત્ય જોયું હશે. નહેરુ વડાપ્રધાન હતા ત્યારે શરુઆતનાં વર્ષો દરમિયાન સરદાર પટેલ નાયબ વડાપ્રધાન હતા અને ગૃહખાતું એમના હવાલે હતું. એથી સુભાષ બાબુ વિશેની માહિતી ગોપનીય રાખવામાં નહેરુ જેટલી જ સરદારની પણ જવાબદારી ઠરે. જો કે આ મુદ્દો વારંવાર ઉછાળાતો રહ્યો છે અને સુભાષ બાબુ છેક પંડિત નહેરુના અવસાન પર્યંત જીવતા હતા, એવી એક દંતકથા પણ પ્રચલિત છે. નહેરુના મૃતદેહનાં દર્શન કરવા આવેલ એક અજાણ્યો સાધુ તે સુભાષ બાબુ જ હતા, એવા સનસનાટી ભર્યા સમાચાર પણ તે વખતનાં અખબારોમાં પ્રગટ થયા હતા. પરંતુ આજકાલ જે મુદ્દો ચર્ચામાં છે તે સુભાષ બાબુનાં સ્વજનો અને વારસદારોની ભારત સરકાર દ્વારા થતી જાસૂસીનો છે. ખુદ સુભાષ બાબુના ભત્રીજા અને અન્ય સંબંધીઓએ આ અંગે વર્તમાન મોદી સરકાર સમક્ષ તથા મીડિયામાં રજૂઆત કરી છે અને સુભાષ બાબુના તથાકથિત મૃત્યુ વિશેની તપાસ-ફાઈલો સરકારે દબાવી રાખ્યાની વાત વર્તમાન સરકાર તથા ભાજપે ચલાવી છે. જો એવી ફાઈલો સાર્વજનિક કરાય તો ઘણી બધી ભ્રાંતિઓનો ખુલાસો થઈ શકે એમ છે. ભાજપ સરકાર નહેરુ અને નહેરુવંશી વડાપ્રધાનો સામે શંકા કરે છે ત્યારે કોંગ્રેસ સરદાર પટેલ, લાલ બહાદુર શાસ્ત્રી અને મોરારજી દેસાઈ તથા અટલબિહારી વાજપેયી સહિતના રાષ્ટ્રીય નેતાઓની સામે પણ એ જ હથિયાર ઉગામે તે સ્વાભાવિક છે. દેશની પ્રજાને સુભાષ ચંદ્ર બોઝ જેવા મહાનાયક વિશેની સાચી માહિતી જાણવાનો જન્મસિદ્ધ અધિકાર છે; તે વિશેની માહિતી છુપાવનારા ગમે તેવા ચમરબંધીઓ સામે પણ એ પડકાર ફેંકી શકે છે કોંગ્રેસ આ મુદ્દે જે કંઈ સત્ય હોય તે જાહેર કરવા સરકારને પડકાર ફેંકયો છે. આ મુદ્દે અદાલત પણ સક્રિયતા દાખવે તે જરુરી છે. વર્તમાન શાસકો ફક્ત રાજકીય લાભ ખાટવા ખાતર અગાઉના વડાપ્રધાનોને બદનામ કરવાનો ઈરાદો રાખતા હોય તો તે બાબત વખોડવાપાત્ર છે. સુભાષચંદ્ર બોઝનાં વારસદારોની જેમ શહીદ ભગતસિંહનાં વારસદારોની પણ જાસૂસી થતી હોવાનું બહાર આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દે ગંભીર પગલાં લઈ સત્વરે સત્ય બહાર આણવું જોઈએ, નહીંતર એમની સામે પણ આ મુદ્દે ગંદુ રાજકારણ રમતા હોવાના આક્ષેપો થશે, તે નક્કી છે.

# વિશ્વ ધરતી દિવસે પર્યાવરણ બચાવવા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટરે વોટર વન્ડરફુલ વર્લ્ડ વિષય પર સ્પર્ધા યોજાશે - ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ જોડાઈ શકશે

વર્તમાન સમય અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાયેલો છે. મનુષ્ય જેમ જેમ વિકાસની કેડી પાથરતો જાય છે તેમ તેમ પર્યાવરણીય સમસ્યાઓનો ખતરો બનીને સામે આવે છે. આગામી ૨૨ એપ્રિલ વિશ્વ ધરતી દિવસ નિમિત્તે પર્યાવરણ સ્પર્ધા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજવામાં આવશે.

સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા એપ્રિલ વિશ્વ ધરતી દિવસની ઉજવણી કરવામાં આવશે. ધરતી દિવસ નિમિત્તે સાયન્સ સેન્ટર ખાતે વોટર વન્ડરફુલ વર્લ્ડ વિષય પર સ્પર્ધા યોજવામાં આવશે. દર વર્ષે સેન્ટર પર્યાવરણ વિષય પર સ્પર્ધા યોજે છે.

વોટર વન્ડરફુલ વર્લ્ડ સ્પર્ધા ૨૨ એપ્રિલે નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન યોજાશે. પર્યાવરણને લગતા વિવિધ વિષય પર યોજાનાર સ્પર્ધામાં ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીને રૂ. ૫૦૦, ૪૦૦ અને ૩૦૦ રોકડ પુરસ્કાર રૂપે આપવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા. ૨૦ એપ્રિલ પહેલા નામ કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ પાસે નોંધાવવા જણાવ્યું છે.

કુદરતના અણમોલ સર્જન સમી પૃથ્વી એક માત્ર જીવંત ગ્રહ છે. જેના પર માનવીય હસ્તક્ષેપને કારણે હવા, પાણી, જમીનનું પ્રદૂષણ વધ્યુ છે. અને તેના કારણે ગ્રીનહાઉસ અસર, ગ્લોબલ વોર્મિંગ, ક્લાયમેટ ચેન્જ, ઋતુઓમાં ફેરફાર જેવી સમસ્યાઓ ઉદ્ભવી છે. આવી પર્યાવરણીય સમસ્યાઓનું નિરાકરણ લાવવા સ્પર્ધા દ્વારા જાગૃતી લાવવામાં આવશે.

## જિલ્લામાં ૨૨મીથી કૃષિ મહોત્સવ આરંભાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૨૨મી એપ્રિલ, ૨૦૧૫થી કૃષિ મહોત્સવનો આરંભ થાય છે. કૃષિ મહોત્સવ-૨૦૧૫ સમગ્ર જિલ્લામાં જિલ્લા પંચાયતની સીટ અનુસાર યોજાનાર છે. જિલ્લામાં ૨૭ ગામો ખાતે કૃષિ મહોત્સવ યોજાનાર છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૯ ગામમાં, દહેગામ તાલુકામાં ૬ ગામમાં, માણસા તાલુકામાં ૫ ગામમાં અને કલોલ તાલુકામાં ૭ ગામમાં કૃષિ મહોત્સવના કાર્યક્રમ યોજાશે. દરેક ગામમાં પ્રથમ દિવસે કૃષિ સંલગ્ન સેમિનાર યોજાશે. સેમિનારમાં સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો અને પશુપાલકોના વિષયોકત અનુભવોનું અદાન પ્રદાન, કૃષિ, બાગાયત અને પશુપાલનની પ્રશ્નોત્તરી અને કૃષિ યુનિવર્સીટીના સ્ટોલ પર વૈજ્ઞાનિકો સાથે ચર્ચા જેવા કાર્યક્રમ યોજાશે. તેમજ બીજા દિવસે કૃષિ અંતર્ગતનું પ્રદર્શન યોજાશે. જેમાં વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રશ્નોત્તરી, ખેતી ઈનપુટનું પ્રદર્શન કમ વેચાણ, પસંદગી પામેલ ખેડૂતોને નિદર્શન અંગેના કિટસનું વિતરણ કરવામાં આવશે.

કૃષિ મહોત્સવ ૨૦૧૫માં ગાંધીનગર તાલુકાની જિલ્લા પંચાયતની ૯ સીટ પર કૃષિ મહોત્સવ યોજાનાર છે. જેમાં તા. ૨૨મી એપ્રિલના રોજ ઉનાવા ગામમાં, તા. ૨૪મી એપ્રિલના રોજ સરઢવ ગામમાં, તા. ૨૮મી એપ્રિલના રોજ ઉવારસદ ગામમાં, તા. ૩૦મી એપ્રિલના રોજ પોર ગામમાં, તા. ૨ મેના રોજ દશેલા ગામમાં, તા. ૪ મે ના રોજ છાલા ગામમાં, તા. ૬ મેના રોજ ડભોડા ગામમાં અને તા. ૮મી મેના રોજ વલાદ ગામમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાશે.

દહેગામ તાલુકામાં ૬ ગામોમાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૨મી એપ્રિલના રોજ ધમીજ ગામમાં, તા. ૨૪મી એપ્રિલના રોજ સાંપા ગામમાં, તા. ૨૬મી એપ્રિલના રોજ પાટનાકુવા ગામમાં, તા. ૨૮મી એપ્રિલના રોજ કડજોદરા ગામમાં, તા. ૩૦મી એપ્રિલના રોજ રખીયાલ ગામમાં,તા. ૨ મે ના રોજ હાથીજણ ગામમાં કૃષિ મહોત્સવ યોજાનાર છે.

## આજે પાગલ મારો સાંવરીયો નાટક યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં આજે પાગલ મારો સાંવરીયો નાટક યોજાશે. ટાઉનહોલ ગાંધીનગરમાં આજે શુક્રવાર રાત્રે ૮.૩૦ કલાકે નાટક યોજાશે.

ઝલક ચાવડા દિગ્દર્શીત નાટકમાં આશા સરવૈયા, કિન્નરી દવે, ફાલ્ગુન નંદા, વિશાલ બારોટ, રાજન નીનામા, જીજ્ઞેશ સોલંકી અને તર્જની માંકડ અભિનયના ઓજસ પાથરશે.

## સેક્ટર-૮ આદર્શ નિવાસી શાળામાં ભીમરાવ આંબેડકરની જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૮ આદર્શ નિવાસી શાળામાં ડૉ. બાબા સાહેબની જન્મ જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. ડૉ. બાબા સાહેબની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે આદર્શ નિવાસી શાળામાં ડૉ. આંબેડકને પુષ્પાંજલિ અર્પણ કરી સ્પર્ધા યોજવામાં આવી હતી. ડૉ. ભીમરાવ આંબેડકર વિષય પર યોજાયેલ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ દર્શના વાઘેલા, દ્વિતીય પલક સિંધવ અને તૃતીય ગીતા સોલંકી, મનિષા મકવાણા તેમજ નિબંધ સ્પર્ધામાં પ્રથમ કિંજલ ડોડીયા દ્વિતીય ભૂમિકા પટેલ અને તૃતીય ગીતા સોલંકી આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## આજથી ગાંધીનગરમાં કેલીગ્રાફી પ્રદર્શન યોજાશે

### અક્ષરોની અભિવ્યકિત સાથે સંકળાયેલ કેલીગ્રાફીની કૃતિઓનું પ્રદર્શન-વેચાણ : ૧૭મીથી ૧૯મી એપ્રિલ સુધી પ્રદર્શન ચાલશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના હેકઝા ટયુટર ચંદ્રેસ સોની અને તમના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ અક્ષરોની અભિવ્યકિત સાથે સંકળાયેલ કેલિગ્રાફીની સુંદર કૃતિઓના પ્રદર્શન સહ વેચાણ 'અક્ષરશઃ' નું આયોજન તા. ૧૭મીથી તા. ૧૮મી એપ્રિલ દરમિયાન દરરોજ ।સંજે ૪.૩૦ થી ૭.૧ વાગ્યાસુધ ને તા. ૧૯મી એપ્રિલે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન કરાયું છે. આ પ્રદર્શન સહ વેચાણ સરગાસણ ચાર રસ્તા પાસે સિધ્ધરાજ ઝોલ્ડમાં છપ્પન બોગ હોટલના બેન્કવેટ હોલમાં કરવામાં આવ્યું છે.

'અક્ષરશઃ' પ્રદર્શનનું ઉદઘાટન શિક્ષણવિદ્ અને ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પ્રદીપ ગગલાણીના હસ્તે રાકવામાં આવ્યું છે. આ પ્રર્શન દરમિાયન દરરોજ ।સંજે ૬ થી ૬.૩૦ દરમિયન લાઈવ કેલિગ્રાફી પણ યોજવામાં આવશે. આ પ્રદર્શનમાં ચંદ્રેશ સોની્ ને તેમના વિદ્યાર્થીઓ જય ભટ્ટ, જાનકી રામી, સદફનાઝ શેખ, ઝીલ મહેતા, દિવ્યરાજ ચાવડા, રીયા ગજાણી અને અન્યો દ્વારા તૈયાર કરાયેલ કેલિગ્રાફીની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે.

## ગૌસંરક્ષણ અને સંવર્ધન વિશેની રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં ડૉ. કેશુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વિચાર વિમર્શ

ગાંધીનગર, તા. ૧૬

મધ્યપ્રદેશના જબલપુર શહેરની ઐતિહાસિક વિદ્યાસંસ્થા શ્રી જાનકીરમણ મહાવિદ્યાલય ખાતે યુ.જી.સી. પ્રાયોજિત 'ગૌ સંરક્ષણ અને સંવર્ધનમાં સાહિત્યની ભૂમિકા' વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદમાં અધ્યક્ષ સ્થાનેથી બોલતાં જાણીતા સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈએ સાહિત્યમાં 'પ્રાણી વિમર્શ'નો શુભારંભ કરાવતાં કહ્યું હતું કે સૃષ્ટિમાં જીવ માત્રને જીવવાનો અધિકાર મળે તે દિવસની આપણે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ. માણસે એના સ્વાર્થ ખાતર બાકીની તમામ જીવ સૃષ્ટિના સર્વનાશની હિંસક વૃત્તિ વિકસાવી છે તેમાંથી એને બહાર કાઢવાની નૈતિક જવાબદારી સાહિત્યની છે.

સમારોહના મુખ્ય મહેમાન તરીકે દ્વારકા શારદાપીઠના દંડીસ્વામી પૂ. સદાનંદ સરસ્વતીએ હિંદુ ધર્મમાં ગાય એ તેત્રીસ કરોડ દેવતાઓનું નિવાસ સ્થાન હોવાથી રજૂઆત કરી દેશમાંથી તમામ કતલખાનાં બંધ કરવા હાકલ કરી હતી.

ડૉ. કેશુભાઈ દેસાઈએ ગૌભક્ત સાહિત્યકાર પં. ગંગાપ્રસાદ અગ્નિહોત્રીના સાહિત્ય પર વિશેષ સંશોધન કરાવવાનું સૂચન કર્યુ હતુ. જેનો ઉપસ્થિત સાહિત્યકારો અને સારસ્વતોએ સાનુકૂળ પ્રતિભાવ પાઠવ્યો હતો. બે દિવસ (તા. ૧૧-૧૨ એપ્રિલ) સુધી ચાલેલા પરિસંવાદના અંતે ડૉ. કેશુભાઈ દેસાઈનું યજમાન સંસ્થા તથા જબલપુરના સાહિત્યકારોએ વિશેષ સન્માન કર્યું હતું.

ડૉ. કેશુભાઈ દેસાઈએ જબલપુર ગુજરાતી સમાજના સભ્યો સમક્ષ પણ માતૃભાષાના મહત્વ વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

## ડૉ. કેશુભાઈ દેસાઈને 'સાહિત્ય વાચસ્પતિ' અને 'સારસ્વત' સન્માન

વરિષ્ઠ ગુજરાતી સાહિત્યકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈને તાજેતરમાં મહામહિમ રાજયપાલશ્રી ઓ.પી. કોહલીના વરદ હસ્તે 'સારસ્વત' એવોર્ડ તથા ભુજ (કચ્છ) ખાતે યોજાયેલ હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગનું સર્વોચ્ચ સમ્માન 'સાહિત્ય વાચસ્પતિ' એનાયત થયું હતું.હિંદી સાહિત્ય સંમેલનનું આ સર્વોચ્ચ સમ્માન અગાઉ મહાત્મા ગાંધી, મદનમોહન માલવીય, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સહિત ગુજરાતી સર્જકો પૈકી ક.મા. મુનશી તથા ગુલાબદાસ બ્રોકરને અર્પણ કરાયું હતું.

ભુજ ખાતે યોજાયેલ સંમેલનના ૬૭મા અધિવેશનમાં 'સાહિત્ય પરિષદ'ના અધ્યક્ષ તરીકે ડૉ. કેશુભાઈ દેસાઈનું પ્રેરક ઉદબોધન યાદગાર રહ્યું હતું. અધ્યક્ષીયમાં ડૉ. દેસાઈએ હિંદી અને ગુજરાતીને જોડિયા બહેનો તરીકે ઓળખાવી હતી.

## પેન્શનરોને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા નાણામંત્રીને રજુઆત

ગાંધીનગર, તા. ૧૬

ઉંમર વધવાની સાથે શરીરમાં અશક્તિ આવી જાય છે. હાથ પગ ધ્રુજવા લાગે છે. પેન પકડીને લખાણ લખવુ હોય તો શબ્દો પણ યોગ્ય રીતે લખાતા નથી. શહેર જાગૃત નાગરિક પરિષદે રાજયના નાણાંમંત્રીને પત્ર લખી જોઈન્ટ બેન્ક એકાઉન્ટની પદ્ધતિમાં ફેરફાર કરવા રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના પેન્શનરોને નાણાંકીય વ્યવહારો કરવામાં મુશ્કેલી પડી રહી છે. તેમણે નાણામંત્રી સૌરભ પટેલને જણાવ્યું છે કે જોઈન્ટ બેન્ક એકાઉન્ટમાં પતિ અથવા પત્નિનું મૃત્યુ થાય તેવા સમયે પેન્શનર ઉપર આભ ફાટી પડે છે. ત્યારબાદ ફક્ત એકજ વ્યક્તિએ બેન્કના વ્યવહારો કરવા પડે છે. ઉંમર વધવાની સાથે સાથે અશક્તિ થઈ જાય છે. જેના કારણે પેન યોગ્ય રીતે ચાલતી નથી.

બેન્કમાં તમામ વ્યવહારો ચેક દ્વારા થઈ ગયા છે. પેન્શનર દ્વારા હાથ ધ્રુજવાના કારણે સહિમાં ફેરફાર થાય છે. સહિ ખોટી પડે છે અને પેન્શન મેળવવામાં મુશ્કેલી થઈ પડે છે. ત્યારે ૨૦૦૨ પેન્શન નિયમ-૮૫ મુજબ પેન્શનરના નોમીનીઓમાં ફેરફાર કરી પેન્શનરોને ભોગવવી પડતી મુશ્કેલીઓથી બહાર લાવવા લેખિતમાં જણાવ્યું છે.

## લવારપુર સ્વામિનારાયણ સ્કૂલમાં કમ્પ્યુટરના તાલીમ વર્ગો શરૂ કરાયા



ગાંધીનગર, તા. ૧૬

ટેકનોલોજીના યુગમાં કમ્પ્યુટર વિના ક્યારેય ડગ ભરાશે નહિ. આંગળીના ટેવરે આપણે આખી દુનિયા ખુંદી નાખીએ છીએ. અને તેનું શ્રેય કમ્પ્યુટર અને ઈન્ટરનેટને જાય છે. લવારપુર સ્થિત માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટરના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામ સ્થિત સ્વામિનારાયણ સ્કૂલમાં અદ્યતન કમ્પ્યુટર લેબ વિદ્યાર્થીઓ માટે નિર્માણ કરવામાં આવી છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ માટે આ લેબમાં કમ્પ્યુટર તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

કમ્પ્યુટર તાલીમ બે બેચમાં સવારે ૮ થી ૧૦ અને ૧૦ થી ૧૨ દરમિયાન તજજ્ઞ શિક્ષકો દ્વારા આપવામાં આવશે અને વેકેશન દરમિયાન બે મહિના તાલીમ ચાલશે. કમ્પ્યુટરનું જ્ઞાન મેળવવા ઈચ્છતા લવારપુર અને આજુબાજુ ગામડાના વિદ્યાર્થીઓને જોડાવા જણાવાયું છે.

તાલીમમાં જોડાવા ઈચ્છુક વિદ્યાર્થીઓની સામાન્ય ફી લેવામાં આવશે. વેકેશનનો ભરપુર ઉપયોગ કરી જીવનમાં ઉપયોગી શિક્ષણ મેળવવા સંસ્થાએ અપીલ કરી છે.

## રાજપૂત સમાજના વિદ્યાર્થી જોગ

ગાંધીનગર, તા.૧૬

શ્રી કચ્છ-કાઠીયાવાડ, રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર દ્વારા શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરના સહયોગથી તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા તલાટી-મંત્રી (પંચાયત) માટેની ભરતી પરીક્ષા માટેના તાલીમ વર્ગનું આગામી તા. ૩-૫-૨૦૧૫ રવિવાર સવારે ૧૦-૦૦ થી ૧૩-૦૦ કલાકે ગાંધીનગર ખાતે એક મહિના માટે આયોજન કરેલ છે.

રાજપૂત સમાજના વિદ્યાર્થીઓએ સમાજ કાર્યાલય, બ્લોક નં. ૧૪૬/ચ-૪ ટાઈપ, સે-૧૭, હનુમાનજીના મંદિર પાસે ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૨૬૪૪૪ ખાતે રજીસ્ટ્રેશન માટે હાજર રહેવું દરેક તાલીમાર્થીએ રહેવા-જમવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે. વધુ માહિતી માટે ઓફીસ ફોન નંબર ૦૭૯-૨૩૨૨૬૪૪૪ પર જસવંતસિંહ ગોહિલ, કાર્યાલય મંત્રીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# નિર્બલ કે બલ ભીમરાવજીએ બંધારણ ઘડ્યું ને બાપુએ સમરસ સમાજ માટે જન સાધારણને ઘડ્યાં

અસ્પૃશ્યતા અંગે શિક્ષિત વર્ગની સંવેદનબધીરતા અંગે મહાત્મા ગાંધીએ આજીવન ટીકા કરી છે. તેમની જાહેર જીવન દરમિયાનની વ્યક્તિગત કે જૂથ ચર્ચા, પ્રવચન કે પછી લખાણોમાં હિન્દુ સમાજ ઉપરના અસ્પૃશ્યતાના સામાજિક કલંકને ભૂંસવાની નિતાંત ખેવના વ્યક્ત કરતા રહ્યાં.


ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીને વચ્ચે હજું એક દિવસ પસાર થયો છે ત્યારે અસ્પૃશ્યતા સામે લડનાર મહામાનવ એવા નિર્બલ કે બલ - ભીમરાવજી સાથે મહાત્મા ગાંધીના વિચારો આ વિષયે કેવા હતા એની ઝલક આ લેખમાં રજુ કરવી છે.

સમાજની એક જ્ઞાતિના માણસો કચરો અને મળમૂત્ર સાફ કરે છે તેટલા માટે અમુક માણસોને અસ્પૃશ્ય તરીકે ઓળખવવા તેવું ગાંધીજી કલ્પી પણ નહોતા શકતા.

(પુસ્તક : બહુરુપી ગાંધી, 'અનુવાદક : જીતેન્દ્ર દેસાઇ)'

ખાદીયાત્રા દરમિયાન એક વખત ગાંધીજીની જાહેર સભામાં ભંગીઓને આવતા અટકાવવામાં આવ્યા હતા. ગાંધીજીને આ વાતની ખબર પડી ત્યારે તેમણે સભાના આયોજકોને કહ્યું કે, 'તમે મને આપવા ભેગા કરેલા પૈસા થેલી અને માનપત્ર તમારી પાસે રહેવા દો. મારે માત્ર અસ્પૃશ્યોની જ સભા ભરવી છે. બીજા જે કોઇ તેમાં આવવા ઇચ્છતા હોય તેઓ ભલે તેમાં આવે.'

સદેહે બાપુ આપણી વચ્ચેથી ગયા તેના બે વર્ષ અગાુ તેઓ દિલ્હી અને મુંબઇની બંગી કોલોનીમાં થોડાક દિવસ રોકાયા હતા.




દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા ત્યારે (બીજી વાર) કલકત્તામાં ભરાયેલાં કોંગ્રેસ અધિવેશનમાં ઉતારા વ્યવસ્થામાંની અસ્વચ્છતા સામે વિરોધ કર્યો અને વ્યવસ્થાપકો - સ્વયંસેવકોએ જયારે આ કામ તો ભંગીઓનું છે એવા ઉત્તર વાળ્યો ત્યારે પશ્ચિમી પોશાક પહેરેલા બાપુએ સાવરણો અને અન્ય સાધનોથી સફાઇ કરી હતી. હા, સફાઇ કામગીરી તેમણે એકલ હાથે અને એકલ પંડ જ કરી કારણ કે ત્યાં ઉપસ્થિત સહુ કોઇને આશ્ચર્ય જરુર થયું પણ સફાઇ કામમાં કોઇ તેમની મદદે આવ્યું નહીં!!

સમાજ વ્યવસ્થાની નબળી બાબતોને સમાજ તંત્રની અંદર રહીને તેની સામે ભંડ પોકારીને સાર્વજનિક રીતે તે દૂર થાય એવા પ્રયાસો કરનાર ગાંધીએ જો શરમ મૂકીને કામ કરવામાં આવે તો જ સાચી આઝાદી સમાજ મેળવી શકે એમ માનતા હતા અને એ વિચાર મુજબ તેઓ જાતે પોતે અને સાથી મિત્રો પાસે પણ કામ કરાવતા હતા.

કલકત્તા અધિવેશનના તેમના અનુભવ પછી થોડા વર્ષો બાદ તેમણે જયારે અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું સુકાન સંભાળ્યું ત્યારે સાફ સફાઇનું કામ સમાજની કોઇ એક ચોક્કસ જ્ઞાતિનું જ છે એ ઘર કરી ગયેલી માનસિકતા દૂર કરવા માટે ખુદ કોંગ્રેસના સ્વયં સેવકોની જ ભંગી ટુકડી બનાવતા હતા.

કશી પણ શરમ સિવાય જાજરુ - મુતરડી અને જાહેર સ્થળોને ઝાડુંથી સાફ કરી નાંખવાનું કામ કરતાં ગાંધીજીએ એક વખત બ્રાહ્મણો પાસે જ ભંગી તરીકેનું કામ કરાવ્યું હતું. અલબત્ત આવા કાર્યોમાં કયાંક કોઇ અધિકારવાદી નેતાની જેમ કામ કરાવવાનો કયારેય તેમણે પ્રયાસ સુદ્ધાં કર્યો ન હતો.

પશ્ચિમી સમાજના ઘણાં રીત-રિવાજોની ખુલ્લેઆમ ટીકા કરતાં ગાંધીજીએ તેઓ સ્વચ્છતાનો પાઠ પશ્ચિમ પાસેથી શીખ્યા હતા એમ કબૂલ પણ કરતા હતા. પશ્ચિમના સમાજમાં વ્યાપ્ત સ્વચ્છતા જેવી સ્વચ્છતા હિંદુસ્તાનમાં દાખલ કરવા માગતા ગાંધીએ રાજકોટમાં ઘેર - ઘેર ફરીને ઘરની ગટરો - મોરીઓ સાફ કરવાનું અને તપાસવાનું કામ કર્યું હતું.

રાજકોટના એક સમયના મુખ્ય દિવાનના અને એ પણ બેરિસ્ટર થયેલા છોકરા દ્વારા સફાઇ-સ્વચ્છતાની કાળજી રાખવાનું કામ કરવામાં તેમણે હિંમત બતાવી હતી. નૈતિક હિંમત બતાવવામાં કયારેક ય કાચા નહીં પડેલાં ગાંધી કાર્યની સુખદ નોંધ લેવી જ રહી.

(નોંધ : અત્રે અસ્પૃશ્યતાની ઘેરી સમસ્યા સંદર્ભે એક ચોક્કસ જ્ઞાતિનો પૂરાતન ઓળકનો શબ્દ એ જ્ઞાતિ માટે વાપર્યો છે. જે સંદર્ભ સમજણ સુધી વિસ્તરે એ જ આશય છે.)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)